# <u>સ્પેશ્યીલ કન્ડીશન ઓફ વર્ક</u>

**<u>કામ નું નામ :-</u> <u>A & A to Street Light on State Highway & Major District Road (MDR) of Jamnagar District.</u>**

**(૧)** ઉપરોકત કામ માં વપરાયેલ તમામ એલ.ઇ.ડી સ્ટ્રીટલાઇટ ના કામ પૂર્ણ થયા થી **<u>બે</u>** વર્ષ સુધી ઓલ ઇન્કલુસીવ મેન્ટેનન્સની જવાબદારી એજન્સીની રહેશે. આ માટે કોઇપણ પ્રકાર નો એકસ્ટ્રા ચાર્જ ચુકવવામાં આવશે નહીં, તેમજ સદર કામની સીકયુરીટી ડીપોઝીટ (૫%) કામ પૂર્ણ થયાના **<u>બે</u>**વર્ષ બાદ જ છુટી કરવામાં આવશે.હયાત પોલ પર લાગેલ સ્ટ્રીટ લાઇટ કાઢવાની તથા રીપેર થયા બાદ ફરી લગાડવાની રહેશે. જે માટે કોઇ અલગથી ચાર્જ આપવામાં આવશે નહી.

**(૨)**સદર કામમાં જયાં એલ.ઇ.ડી. સ્ટ્રીટલાઇટ લગાવવાની હોય, કામ પૂર્ણ થયે જે તે ગામોના સરપંચશ્રી અને તલાટીમંત્રીશ્રી નું નાવાંધા પ્રમાણપત્ર એજન્સી એ મેળવવાનું રહેશે તેમજ ગ્રામ પંચાયતના ડેડસ્ટોક રજીસ્ટરમાં ઉમેરો કરાવી તેની નકલ રજુ કરવાની રહેશે અને ત્યારબાદ જ અત્રેથી થયેલ કામનું ચુકવણુકરવામાં આવશે.

**(3)**કામ પૂર્ણ થયા બાદ થયેલ કામના ફોટોગ્રાફસ અત્રેની કચેરી ને બિલ સાથે રજુ કરવાના રહેશે.

**(૪)** કામગીરીને સંલગ્ન વધારાની આઇટમ તથા જથ્થા વધારાની કામગીરીની જરૂરીયાતઉભી થયેએજન્સીએ વધારાની આઇટમ તથા જથ્થા વધારાની કામગીરી વિના વિલંબે સક્ષમ અધિકારીની સુચના તથા ટેન્ડરના નિયમ અને ધારા ધોરણ મુજબ કરવાની રહેશે.

**(૫)** એજન્સીએ ક્રમ ૧ માં દર્શાવ્યા પ્રમાણે એલ.ઇ.ડી લાઇટની ઓલ ઇન્કલુસીવ મેન્ટેનન્સ(ગેરંટી)નો બાંહેધરી પત્રક ૩૦૦ રૂ. ના સ્ટેમ્પ પેપર પરટેન્ડરમાં દર્શાવ્યા મુજબના નિયત નમુનામાં નોટ્રાઇઝ્ડ કરી રજુ કરવાની રહેશે, તેમજ એલ.ઇ.ડી. લાઇટની મેન્યુફેક્ચરર કંપની કે ઓર્થોરાઇઝ્ડ ડીલરના લેટર પેડ પર પણ સદર કામગીરીમાં વપરાયેલ એલ.ઇ.ડી. લાઇટની વોરંટી (ગેરંટી) આપવાની રહેશે.

**(૬)** ઉપરોકત કામમાં એજન્સી દ્રારા જે મેન્યુફેક્ચરર કંપની કે ઓર્થોરાઇઝ્ડ ડીલરના એલ.ઇ.ડી. લાઇટ નાખવામાં આવેલ છે. જે એસ.ઓ.આર ના સ્પેસીફીકેશન મુજબ છે. તેવો બાહેંધરી પત્રક મેન્યુફેક્ચરર કંપની કે ઓર્થોરાઇઝ્ડ ડીલરના લેટર પેડ પર રજૂ કરવાના રહેશે તથા જરૂર જણાય તો એંજીનીયર દ્રારા મેન્યુફેકચરર સાઇટની વિઝિટ કરવવાની રહેશે તથા તેના કંપનીના ટેસ્ટીંગ સર્ટીફીકેટ બિડવાના રહેશે. તેનો તમામ ખર્ચ એજન્સી/મેન્યુફેકચરર કંપનીએ ભોગવવાનો રહેશે.

**નાયબ કાર્યપાલક ઇજનેર**
**વિધુત(મા અને મ) પેટા વિભાગ**
**જામનગર**